॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# 'અપરીક્ષિતકારક'ની કથાઓ દ્વારા બાળકોમાં જીવનમૂલ્યોનો વિકાસ

ડો. સ્વાતિ શાહ.
એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

## સારાંશ

પ્રાચીન ભારતીય સાહિત્યનો મુખ હેતુ જ વાર્તાઓના રસ્તે લોકોને જીવનને જીવવાની ઉત્તમ રીત દર્શાવવાનું છે, જીવનનો ઉપદેશ આપવાનું છે.

અપરીક્ષિતકારક એ પંચતન્ત્રનો એક ભાગ છે. પંચતન્ત્રમાં કુલ પાંચ તન્ત્ર આવેલાં છે, એમાં અપરીક્ષિતકારક એ પાંચમું તન્ત્ર છે.

પંચતન્ત્રની રચના પંડિત વિષ્ણુ શર્મા એ કરી છે. રાજા અમરશક્તિના ગેરમાર્ગે ગયેલા પુત્રોને રાજનીતિમાં પારંગત કરવા માટે આ કથાઓની રચના કરવામાં આવી છે. આ કથાઓ દ્વારા માત્ર છ માસના સમયગાળામાં રાજાના પુત્રો રાજનીતિમાં પ્રવીણ બન્યા હોવાની કથા પ્રાપ્ત થાય છે.

બાલ્યાવસ્થામાં આ સારગર્ભિત વાર્તાઓ બાળકને સંભળાવવામાં આવે તો બાળક જીવનમૂલ્યો સમજે છે. બાળપણમાં થયેલું આ મૂલ્યશિક્ષણ તેને ઉત્તમ નાગરિક બનવા માટેનું ભાથું પૂરું પાડે છે.

**ચાવીરૂપ શબ્દો:**

મૂલ્ય, મૂલ્યશિક્ષણ, જીવનમૂલ્યો, પંચતન્ત્ર, અપરીક્ષિતકારક, વાર્તા, સદ્વૃત્ત, Human values, Art, Ethics

धर्म्यं यशस्यमायुष्यं हितं बुद्धिविवर्धनम् ।
लोकोपदेशजननं नाट्यमेतद्भविष्यति ॥ (नाट्यशास्त्र, 1/115)

સંસ્કૃત સાહિત્યશાસ્ત્રના પ્રાચીનતમ ગ્રન્થ નાટ્યશાસ્ત્રમાં ભરતમુનિ કહે છે કે, ‘ધર્મ, યશ, આયુષ્ય, હિત અને બુદ્ધિ વધારનાર આ નાટક લોકોને ઉપદેશકર્તા પણ બનશે.’ અને ‘ શ્રુતિ, સ્મૃતિ, સદાચાર અને અન્ય વસ્તુઓ સહિતનું આ કાવ્ય લોકોને આનંદ આપશે.’ (नाट्यशास्त्र, 1/120)

મમ્મટ કાવ્યનાં પ્રયોજન દર્શાવતાં કહે છે કે,

काव्यं यशसेर्थकृते व्यवहारविदे ।
सद्यः परिनिवृत्तये कान्तासंमिततयोपदेश युजे ॥

અર્થાત્ કાવ્ય યશ આપે છે, ધન આપે છે, વ્યવહાર શીખવે છે, તત્ક્ષણ દુ:ખનિવૃત્તિ કરાવે છે અને પ્રિય પત્નીની જેમ ઉપદેશ આપે છે.

ઓગણીસમી સદીના પ્રારંભે બોહેમિયા દ્વારા ‘Art for art’s sake’ સૂત્ર રૂપે વિશ્વની સામે આવે છે ત્યારે 1913 માં ચાર્લ્સ એચ. કેફીન ‘Art For Life’s Sake’ પુસ્તક પ્રકાશિત કરે છે, જેની પ્રસ્તાવનામાં એ કહે છે કે, ‘… Life which we cannot evade, Art which we may reject, at our peril and cost; but Art for Life’s sake, not only Art’s sake, not for selfish indulgence, but for the widest possible benefit to all; And not any one of the many arts; but all of them as embraced in the supreme art, The Art of living. (Caffin, Charles H., Art For Life’s Sake, The Prang Company, New York, 1913, intro., p. II)

અને આ ન અવગણી શકાય એવા જીવનમાં કલાઓ જીવનના સૌંદર્યમાં વૃદ્ધિ કરનારી હોય એ આવશ્યક છે એવો પાશ્ચાત્ય ખ્યાલ આપણને અહીં પ્રાપ્ત થાય છે, ત્યારે ભારતીય વિચારધારામાં સાહિત્ય સહિતની કલાઓનું સ્થાન જીવનને સમર્થ બનાવવા માટે જ, જીવનના મૂળભૂત નૈતિક મૂલ્યોને વિકસાવવા માટે જ સ્વીકારાયું છે.

ઉપનિષદો સ્પષ્ટ ઉપદેશ આપે છે કે, ‘सत्यं वद । धर्मं चार ।….’ જ્યારે સાહિત્ય ‘कान्तासम्मिततयो पदेशयुजे।’ હોય છે. અર્થાત્ ‘रामादिवत् वर्तितव्यं न रावणादिवत् ।’ એમ એ સ્પષ્ટ કહેતું નથી, પરંતુ ‘રામાયણ’ની કથામાં આ બન્ને પાત્રોને થતી સુખ, યશ આદિની પ્રાપ્તિ-નાશ દ્વારા સમજાવે છે કે જીવનમાં અન્ય પ્રત્યેનો વ્યવહાર કેવો હોવો જોઈએ. સુસંગત અને સુસંવાદિત વ્યવહાર રૂપી જીવનમૂલ્ય પ્રત્યે આપણને સજાગ કરે છે. એનાથી વિરુદ્ધ રીતે વર્તવાના પરિણામોની ભયાવહતાનું દૃષ્ટાન્ત આપણી સામે રજૂ કરી દે છે.

જીવનમૂલ્યો એ જીવનને ઉત્તમ બનાવવા માટેના ખ્યાલ છે અને વધુ સ્પષ્ટ રીતે કહીએ તો, માર્ગદર્શક સિદ્ધાન્તો છે. મૂલ્યો વિશે ગ્રીક ફિલોસોફર પ્લેટો, 'ધ રિપબ્લિક'માં કહે છે કે, મૂલ્યો એ; "...the things in the upper world you may take as standing for the upward journey of the soul ." (**http://home.ubalt.edu/ntygfit/ai_02_building_athens/ai_02c/plato_cave.htm**) જે "essential form of goodness" છે. જ્યારે એરિસ્ટોટલ માટે 'Human values through man's rational power, ensures the attainment of happiness as "the supreme end of life" (Harold H. Titus, Morris T. Keeton, Ethics for today, New York, American Book Co., 1966 p. 139-140)

સાહિત્યના સંદર્ભે હડસન નોંધે છે કે, "A general moral philosophy is, therefore, almost always embodied as a more or less distinctly avowed part of their plan. ... As he deals with life, he must deal with moral facts and issues everywhere involved in life; and it is upon his moral power and insight. ...that the real greatness of his work very largely depends". (Hudson, W. Henry. An Introduction to the Study of Literature, Rupa Publication, New Delhi, [Rep] 1983, pp.168-170.)

અર્થાત્ જીવનના દરેક વ્યવહાર નૈતિકતા સાથે જોડાયેલા છે. વ્યક્તિની નૈતિક હિંમત અને આંતરસૂઝ બાબતે સાહિત્યકાર જીવન સાથે વ્યવહાર કરે છે, પોતાના પાત્રોને ઉપસાવે છે અને એ જેટલું ઉત્તમ એટલું તેનું કાર્ય શ્રેષ્ઠ ગણાય છે.

સામાજિક મનોવિજ્ઞાની અને આંતર-સાંસ્કૃતિક સંશોધક શેલમ એચ. સ્ક્વર્ટઝએ ઈસ. 1992માં પોતાના ગ્રન્થ 'થિયરી ઓફ બેઝિક હ્યુમન વેલ્યૂઝ'માં દસ મુખ્ય મૂળભૂત મૂલ્યો ગણાવ્યાં છે જે આ પ્રમાણે છે:

1. Self-Direction: Independent thought and action; choosing, creating, exploring.
2. Stimulation: Excitement, novelty, and challenge in life.
3. Hedonism: Pleasure and sensuous gratification for oneself.
4. Achievement: Personal success through demonstrating competence according to social standards.
5. Power: Social status and prestige, control or dominance over people and resources.
6. Security: Safety, harmony, and stability of society, of relationships, and of self.
7. Conformity: Restraint of actions, inclinations, and impulses likely to upset or harm others and violate social expectations or norms.
8. Tradition: Respect, commitment, and acceptance of the customs and ideas that traditional culture or religion provide the self.
9. Benevolence: Preserving and enhancing the welfare of those with whom one is in frequent personal contact (the 'in-group')
10. Universalism: Understanding, appreciation, tolerance, and protection for the welfare of all people and for nature.
(https://www.yourmorals.org/schwartz.2006.basic%20human%20values.pdf)

ભારતીય સંસ્કૃતિમાં જીવનને સુંદર અને સુખમય બનાવવા માટે જીવન-વ્યવહારના મૂલ્યો પર હંમેશાં ભાર મૂકવામાં આવ્યો છે. અથવા કહી શકાય કે, સમાજને, માનવીને મૂલ્યનિષ્ઠ બનાવવાનું શિક્ષણ આપવાનો હેતુ સાહિત્યમાં પ્રધાન છે.

નાટ્યશાસ્ત્રના પ્રારંભમાં એક કથા આવે છે કે, કામ, લોભને વશવર્તી અસભ્ય બનેલા અને ઈર્ષા, ક્રોધ ઇત્યાદિના કારણે મૂઢ બનેલા લોકોને જોઈ ઇન્દ્ર સહિતના દેવો બ્રહ્માજી પાસે પહોંચ્યા અને પ્રાર્થના કરવામાં આવી કે, 'લોકોને એમાંથી બહાર લાવવા માટે અમને એક ક્રીડનીયક (રમકડું) આપો' અને એમણે 'નાટક' રૂપી ઉકેલ આપ્યો. (નાટ્યશાસ્ત્ર, 1/9, 10, 11) આમ, નાટ્યસાહિત્યનું મૂળભૂત પ્રયોજન આનંદ અને ઉપદેશ છે એમ જણાય છે.

આયુર્વેદશાસ્ત્રના પ્રાચીન ગ્રન્થ 'ચરક સંહિતા'માં જીવન-મૂલ્યોને 'સદ્વૃત્ત' તરીકે ઓળખાવ્યાં છે અને 'આત્મહિત ઇચ્છતા દરેક વ્યક્તિએ કાયમ યાદ રાખી આ પ્રકારે વર્તન કરવું જોઈએ.' કહીને મનુષ્યના વર્તન અને વ્યવહારના મૂળભૂત જીવનમૂલ્યોની વિસ્તારપૂર્વક વાત કરી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો કેટલાંક સદ્વૃત્ત આ પ્રમાણે છે,

'...सर्वप्राणिषु बन्धुभूतः स्यात्, क्रुद्धानामनुनेता, भीतानामाश्वासयिता, दीनानामभ्युपपत्ता, सत्यसंधः, सामप्रधानः, परपुरुषवचनसहिष्णु, अमर्षघ्नः, प्रथमगुणदर्शी, रागद्वेषहेतूनां हन्ता च ।' (शुक्ल, विद्याधर, चरकसंहिता, चौखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली, 2015, सूत्रस्थानम्, 8-18)

'नानृतं ब्रूयात्, नान्यस्वमाददीत्, नान्यस्त्रीयमभिलषेन्नान्यश्रियं, न वैरं रोचयेत्, नान्यदोषान्ब्रूयात्, नान्यरहस्यभाग्भवेत्... नोत्तमैः विरूध्येत्, नावरानुपासीत, न भयमुत्पादतेत्, ...।' (सूत्रस्थानम्, 8-19, 20)

અર્થાત્ ...જે તમામ જીવો પ્રત્યે ભાઈચારાની લાગણી ધરાવે છે, જે ક્રુદ્ધ વ્યક્તિને શાંત કરી શકે છે, જે ભયભીત માણસને નિર્ભયતા આપે છે, જે ગરીબ અને નિરાધારને આધાર આપે છે, જે સત્યપ્રતિજ્ઞ છે, જે શાંતિપ્રિય છે, જે અન્યનાં કઠોર શબ્દોને સહન કરે છે, જે ગુસ્સાને શાંત કરે છે, જે ગુણગ્રાહી છે અને રાગ-દ્વેષના કારણનો નાશ કરનાર છે.

જૂઠું ન બોલવું જોઈએ, બીજાનું ધન ન લેવું જોઈએ, અન્યનાં ધન કે સ્ત્રીની અભિલાષા ન કરવી જોઈએ, દુશ્મનાવટ પસંદ ન કરવી જોઈએ, અન્યના દોષ ન જણાવવા જોઈએ, અન્યની ગુપ્ત વાતો ન જાણવી જોઈએ, ...... ઉત્તમનો વિરોધ ન કરવો જોઈએ, અન્યની ઉપાસના ન કરવી જોઈએ, ભય ઉત્પન્ન ણ કરવો જોઈએ....

અને મહર્ષિ ચરક આવાં સદ્વૃત્તોની યાદી આપી, તેના પાલનથી આ-લોક અને પરલોકમાં થતા લાભને દર્શાવે છે અને આ જીવનમાં તેની ઉપયોગિતા માટે એમ કહી ઉપસંહાર કરે છે કે,

'नृलोकमापूरयेत् यशसा साधुसम्मतः ।
धर्मार्थावेति भूतानां बन्धुतामुपगच्छति ।' (सूत्रस्थानम्, 8-32)

ઋષિમુનિઓ દ્વારા સન્માનિત તે માનવ જગતને પોતાની કીર્તિથી ભરી દે છે અને પ્રખ્યાત બને છે. ધર્મ અને અર્થની પ્રાપ્તિ થાય છે. તમામ જીવો પ્રત્યે ભાઈચારાની લાગણી કેળવે છે.

આમ, જીવનમૂલ્યોના મહત્ત્વનો સ્વીકાર પ્રાચીનતમ સમયથી શરૂ કરી વર્તમાન સમય સુધી થયો છે. આ મૂલ્યો ક્યારેક સીધા ઉપદેશ તરીકે તો ક્યારેક કથાઓ-વાર્તાઓના સ્વરૂપે આપણા સુધી પહોંચાડવામાં આવે છે. જીવનમાં યોગ્ય વિચાર અને યોગ્ય વર્તન-વ્યવહાર કરવા માટેનો દિશાસૂચક ખ્યાલ એ જીવનમૂલ્ય છે ત્યારે સાહિત્યમાં પાત્રો દ્વારા મૂલ્યનું પાલન કરનાર વ્યક્તિને શું લાભ મળે છે અને પાલન ન કરનાર કેવી મુસીબતમાં મૂકાય છે એ કથા રૂપે દર્શાવવાથી લોકોને પરોક્ષ રીતે મૂલ્યપાલન વિશે જાગૃત કરી શકાય છે. અને આપણે આગળ જોઈ ગયા એ પ્રમાણે પ્રાચીન ભારતીય સાહિત્યનો મુખ હેતુ જ વાર્તાઓના રસ્તે લોકોને જીવનને જીવવાની ઉત્તમ રીત દર્શાવવાનું છે, જીવનનો ઉપદેશ આપવાનું છે.

અપરીક્ષિતકારક એ પંચતન્ત્રનો એક ભાગ છે. પંચતન્ત્રમાં કુલ પાંચ તન્ત્ર આવેલાં છે, એમાં અપરીક્ષિતકારક એ પાંચમું તન્ત્ર છે.

પંચતન્ત્રની રચના પંડિત વિષ્ણુ શર્મા એ કરી છે. રાજા અમરશક્તિના ગેરમાર્ગે ગયેલા પુત્રોને રાજનીતિમાં પારંગત કરવા માટે આ કથાઓની રચના કરવામાં આવી છે. આ કથાઓ દ્વારા માત્ર છ માસના સમયગાળામાં રાજાના પુત્રો રાજનીતિમાં પ્રવીણ બન્યા હોવાની કથા પ્રાપ્ત થાય છે. આર્થર રાઈડર પોતાના પુસ્તક, The Panchatantra of Vishnu Sharma ની પ્રસ્તાવના જ આ રીતે કરે છે,

One Vishnusharman, shrewdly gleaning
All worldly wisdom's inner meaning,
In these five books the charm compresses
Of all such books the world possesses.
(Ryder, Arther W., The Panchatantra of Vishnu Sharma, The University of Chicago Press, Chicago, Third impression, Dec. 1925, intro. P. I)

અપરીક્ષિતકારકમાં કુલ 14 કથાઓ આવેલી છે.

અપરીક્ષિતકારક શબ્દ अ અને परि ઉપસર્ગપૂર્વકના इक्ष् ધાતુ પરથી બને છે જેનો અર્થ જ ‘અવિચારી રીતે કાર્ય કરનાર વ્યક્તિ’, એવો થાય છે. અલગ અલગ પરિસ્થિતિઓમાં અસાવધ રહીને કાર્ય કરનાર જુદાજુદા વ્યક્તિઓને કેવી કેવી મુસીબતોનો સામનો કરવો પડ્યો એ દર્શાવવું અને એ દ્વારા અવિચારી રીતે કોઈ કાર્ય ન કરવું જોઈએ એ સમજાવવું, આ તન્ત્રનો મુખ્ય હેતુ છે.

આથી, આ તન્ત્રનો પ્રારમ્ભ જ ‘સેલ્ફ ડિરેક્શન’ અર્થાત્ પોતાની જાતને યોગ્ય કાર્યદિશા દર્શાવવા માટેની કથાથી થાય છે:

कुदृष्टं कुपरिज्ञातं कुश्रुतं कुपरीक्षितम् ।
तन्नरेण न कर्तव्यं नापितेनात्र यत्कृतम् ॥ (1)

પેલા નાપિતે કર્યું એમ, વગર જોયે, વગર વિચાર્યે, વગર સાંભળ્યે, પરીક્ષણ કર્યા વિના માણસે કોઈ કાર્ય ન કરવું જોઈએ. પ્રથમ કથા આ શ્લોકથી જ શરૂ થાય છે. આ શ્લોક સાંભળતાં જ સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે કયો નાપિત? એણે જોયા-જાણ્યા વિના શું કર્યું? અને સાંભળનાર અનાયાસ જ વાર્તાપ્રવાહમાં અને એ દ્વારા વાર્તા દ્વારા મળતા બોધમાં જોડાતો જાય. વાર્તા ખુલતી જાય કે શેઠ મણિભદ્રના ત્યાં પાદપ્રક્ષાલન માટે આવેલો નાપિત રૂપી નોકર પોતે જે જોયું એનું પરાપૂર્વ જાણ્યા વિના, પૂછ્યા વિના, અરે! વિચાર્યા ય વિના માત્ર નકલ કરે છે અને શ્રેષ્ઠી મણિભદ્રની માફક અઢળક સુવર્ણ પ્રાપ્ત કરવાને બદલે મૃત્યુની સજા મેળવે છે.

આ કથામાં સાથે સાથે એ મનુષ્યના લોભ અને લાલચ; અને તેના કારણે થતા હાનિ અને ગેરલાભ પણ સરસ રીતે દર્શાવવામાં આવ્યાં છે. કહ્યું છે કે, વૃદ્ધાવસ્થા આવતાં કેશ ખરી પડે છે, દાંત પડી જાય છે, દૃષ્ટિ અને શ્રવણશક્તિ નબળી પડે છે, માત્ર તૃષ્ણા (લોભ/મેળવવાની ઈચ્છા) યુવાન થતી રહે છે.

जीर्य्यन्ते जीर्य्यतः केशा दन्ता जीर्य्यन्ति जीर्य्यतः ।
चक्षुः श्रोत्रे च जीर्य्यैते तृष्णैका तरुणायते ॥ १६ ॥

પ્રથમ કથાના અંતે જ વાર્તાકાર કહી દે છે કે,

अपरीक्ष्य न कर्तव्यं कर्तव्यं सुपरीक्षितं ।
पश्चाद्भवति सन्तापः ब्राह्मण्यां नकुलार्थतः ॥

એને વાર્તા સાંભળનાર 'બ્રાહ્મણીને નોળિયા માટે કેમ સંતાપ થયો હશે?' એવા પ્રશ્ન સાથે આગળની કથામાં શું હશે એ વિચરતો થઈ જાય છે. આ બધી જ કથાઓ આ રીતે સંકળાઈને આવે છે.

'બ્રાહ્મણી અને નોળિયા'ની કથામાં, નોળિયાના બચ્ચાના રક્તરંજિત મુખને જોઈ પાણી ભરીને પરત ઘેર આવેલી સ્ત્રી સમજે છે કે આણે મારા બાળકની હિંસા કરી છે અને આગળ કશું જ જોયા કે વિચાર્યા વિના તે પાણીનો ભરેલો ઘડો એ બચ્ચા પર ફેંકી એને મારી નાખે છે. ઘરમાં જતાં જ એને દેખાય છે કે નોળિયાના બચ્ચાએ પોતાના બાળકને ઝેરી સાપથી બચાવ્યો છે અને તે વગર વિચાર્યે કરેલા કર્મના પશ્ચાતાપમાં સરી પડે છે.

બ્રાહ્મણી અને નોળિયાની કથાના અંતે કહેવામાં આવ્યું છે કે અતિલોભ નાશ કરનાર નીવડે છે. મનુષ્યને જીવન જીવવા માટે ધન વગેરે આવશ્યક છે, એટલે એ મેળવવા મહેનત કરવી જ જોઈએ, પણ બહુ મેળવી લેવાની ઇચ્છા દુ:ખનું કારણ બને છે. સંતોષના આ જીવનમૂલ્યને સ્પષ્ટ કરવા કહ્યું છે કે,

अतिलोभो न कर्तव्यो लोभं नैव परित्यजेत् ।
अतिलोभाभिभूतस्य चक्रं भ्रमति मस्तके ॥ २२ ॥

મનુષ્યે બહુ લોભ ન કરવો જોઈએ અને ધન મેળવવાની ઇચ્છા અને પ્રયત્નો સાવ છોડી દેવા પણ ન જોઈએ. અતિલોભથી અભિભૂત મનુષ્યના મસ્તક પર ચક્ર ભમે છે. અને પછી તાંબુ, રજત અને સુવર્ણ મેળવીને સંતુષ્ટ થયેલ ત્રણ મિત્રો અને એનાથી ય વધુ, હીરા મેળવવાની લાલચ રાખનાર મિત્ર કેવો પરેશાન થાય છે તેની વાત આ કથામાં કરવામાં આવી છે.

'ખજાનાની શોધમાં ચાર મિત્રો'ની કથામાં જ્ઞાનનો ઉપયોગ કરી ધન પ્રાપ્ત કરવા નીકળેલા મિત્રો જંગલના રસ્તામાં પડેલા અસ્થિ પર પોતાની વિદ્યા અજમાવે છે. અસ્થિપિંજર પર રક્ત-માંસ અને ત્વચા જોડાતાં સિંહનો આકાર સ્પષ્ટ થાય છે. ત્યારે અને સજીવન કરતાં રોકનાર એવા ઓછા જ્ઞાની મિત્રની સલાહની અવગણના કરી, સિંહ સજીવ થાય તો શું કરે, પોતે કેવી રીતે જીવ બચાવશે, એવું કશું જ વિચાર્યા વિના પોતાની વિદ્યાનો પ્રયોગ કરે છે અને જીવતો થયેલો સિંહ એ ત્રણે મિત્રોને ફાડી ખાય છે, અને ઓછું જ્ઞાન ધરાવતો પણ બુદ્ધિશાળી મિત્ર વૃક્ષ પર ચડીને પોતાને બચાવી લે છે. આ કથાનું કથિતવ્ય આ શ્લોક દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે;

वरं बुद्धिर्न सा विद्या विद्याया बुद्धिरुत्तमा ।
बुद्धिहीना: विनश्यन्ति यथा ते सिंहकारकाः ॥ ३६ ॥

બુદ્ધિ એ વિદ્યા એટલે કે જ્ઞાન કરતાં વધુ આવશ્યક છે, બુદ્ધિહીન મનુષ્ય પેલા સિંહને જીવિત કરનાર મિત્રોની જેમ નાશ પામે છે.

આ જ કથામાં વિશ્વસમસ્તનાં એકત્વનો ખ્યાલ આપતું સુભાષિત આવેલું છે, જેમાં કહેવાયું છે કે, આ મારું, આ તારું, એવી ગણના ટૂંકા જીવનામનુષ્યો કરે છે, ઉદારચરિત લોકોને માટે તો સમગ્ર વિશ્વ એક કુટુંબ જ હોય છે;

अयं निजः परो वेति गणना लघुचेतसाम् ।
उदारचरितानान्तु वसुधैव कुटुम्बकम् ॥ ३८ ॥

આ કથાના અંતે જોડાયેલી શાસ્ત્રજ્ઞ પણ, વ્યવહારશૂન્ય વ્યક્તિનો કેવો ઉપહાસ થાય છે એ કથા આવેલી છે. કહ્યું છે કે,

अपि शास्त्रेषु कुशला लोकाचारविवर्जिताः ।
सर्वे ते हास्यतां यान्ति यथा ते मूर्खपण्डिताः ॥ ४० ॥

બાર-બાર વર્ષ કાશીમાં જ્ઞાન પ્રાપ્ત કરી પોતાના દેશમાં પરત ફરી રહેલા મિત્રો વાતેવાતમાં પોથી ખોલીને વર્તન કરે છે અને 'महाजनो येन गतः स पन्थाः ।' વિધાનનો શબ્દશઃ અર્થ કરી જતાં લોકોની પાછળ પાછળ સ્મશાનમાં પહોંચી જનારા અને;

"उत्सवे व्यसने प्राप्ते दुर्भिक्षे शत्रुसंकटे ।
राजद्वारे श्मशाने च यस्तिष्ठति स बान्धवः ॥ ४१ ॥

આ શાસ્ત્રાર્થ મુજબ સ્મશાનમાં બાજુમાં ઊભેલ ગર્દભને મિત્ર માની, ઊંટની કોટે બાંધનારા આ મિત્રો લોકોમાં હાસ્યાસ્પદ બને છે, એમ કહી જીવનમાં લોકવ્યવહાર અને સામાન્ય સમાજના મહત્ત્વને દર્શાવવામાં આવ્યું છે.

'શતબુદ્ધિ, સહસ્રબુદ્ધિ અને એકબુદ્ધિ'ની કથામાં બહુ બુદ્ધિ ધરાવતા કેટલાંક મત્સ્ય એવા ઘમંડમાં રહે છે કે, પોતાની આવડતથી તેઓ શિકારીથી બચી જશે. શિકારીની ક્ષમતા કે તેની જાળ વિશે એ વિચારતાં નથી અને નાશ પામે છે, જ્યારે સામાન્ય બુદ્ધિ ધરાવતો મત્સ્ય પોતાની પત્ની સાથે અન્ય જળાશયમાં ચાલ્યો જાય છે અને એ બચી જાય છે. સમય અનુસાર બુદ્ધિને બદલે સમજણથી નિર્ણય લેવાના મહત્ત્વને અહીં દર્શાવવામાં આવ્યું છે.

'બે માથાવાળા વણકર'ની વાર્તામાં વણકર પોતાના મિત્રની સલાહને અવગણીને કાંઈ જ વિચાર્યા વિના, પ્રસન્ન થઈને વરદાન માગવાનું કહેનાર વ્યંતર પાસે બીજું એક માથું અને બે હાથ ઈશ્વર પાસે વરદાનમાં માગે છે. લોકોને આ નવતર દેખાવ રાક્ષસ સમાન લાગ્યો અને તેને મારી નાખ્યો. યોગ્ય વ્યક્તિની ઉચિત સલાહને માનવામાં શાણપણ રહેલું છે એ આ કથામાં કહેવામાં આવ્યું છે;

यस्य नास्ति स्वयं प्रज्ञा मित्रोक्तं न् करोति यः ।
स एव निधनं याति यथा मन्थरकौलिकः ॥ ६१ ॥

'કલ્પનાઓમાં રાચતા બ્રહ્મણ'એ સપનાના હવાઈ કિલ્લા બાંધ્યા. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેવાના સ્થાને દૂર-દૂરના ભવિષ્યના અસહજ કલ્પનો કરવા લાગ્યો. અને એવા કાલ્પનિક ભવ્યતાના વિચારમાં, પાસે રહેલા લોટનું માટલું ય ફોડી નાખ્યું. જે હતું એ ય ગુમાવ્યું.

अनागतवतीं चिन्तामसम्भाव्यां करोति यः ।
स एव पाण्डुरः शेते सोमशर्मपिता यथा ॥ ७२ ॥

મનુષ્ય જ્યારે ભવિષ્યના સ્વપ્નોમાં ખોવાયેલો રહે છે ત્યારે એ વર્તમાનનાં સુખને પણ ખોઈ ડે છે.

यो लौल्यात्कुरुते कर्म नैवोर्कमवेक्षते ।
विडम्वनामवाप्नोति स यथा चन्द्रभूपतिः ॥ ७४ ॥

જ્યારે વ્યક્તિ માત્ર લોભથી પ્રેરાઈને, બુદ્ધિથી વિચાર્યા વિના કર્મ કરે છે ત્યારે તે અવશ્ય નાશ પામે છે એ વાત આ શ્લોક અને તેની વાર્તામાં કરવામાં આવી છે.

'વાનરે લીધેલ વેર' કથામાં એક વાનર પોતાના જૂથના વાનરોની રાજાએ કરેલી હત્યાનો બદલો લેવા રાજાને રત્નમાળાથી લલચાવી વિશાળ ધનભંડાર મેળવવા તૈયાર કરે છે. રાજા પણ આ વાનર વિશે કોઈ પણ પ્રકારની તપાસ કે પૂછપરછ કર્યા વિના તેની વાત સ્વીકારી લે છે અને આખરે તેના સમગ્ર પરિવારનો નાશ તળાવમાં રહેલા રાક્ષસ દ્વારા થાય છે. ત્યારે આ વાનર રાજાને કહે છે કે, 'તમે મારા પરિવારનો નાશ કર્યો હતો, આ મેં એનો બદલો લીધો છે.' રાજા માત્ર રત્નમાળા જોઈને ખજાનો લેવા તૈયાર થયો એ અવિચારી વર્તનના કારણે તેણે પોતાનો પૂરો પરિવાર ગુમાવ્યો.

આ જ કથામાં સુખ અને શાંતિથી પરિવારે રહેવું જોઈએ એ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જ્યાં ઘરમાં નિત્ય અકારણ કલહ થતો હોય તે ઘરને છોડી દૂર રહેવું જોઈએ;

तस्मात्स्यात्कलहो यत्र गृहे नित्यमकारणः ।
तद्गृहं जीविनं वाच्छन्दूरतः परिवर्जयेत् ॥ ७६ ॥

કારણ કે, કલહથી ઘર નાશ પામે છે, ખરાબ કહેવાથી મૈત્રી નાશ પામે છે, કુવ્યવસ્થાથી રાષ્ટ્ર નાશ પામે છે અને કુકર્મથી મનુષ્યનો યશ નાશ પામે છે.

कलहान्तानि हर्म्याणि कुवाक्यान्तञ्च सौहृदम् ।
कुराजान्तानि राष्ट्राणि कुकर्मान्तं यशो नृणाम् ॥ ७७ ॥

આ કથામાં મિત્રનું દુ:ખ, જન્મભૂમિને પીડિત, દેશભંગ અને કુલક્ષય પીડાદાયક છે એ વાત કરવામાં આવી છે;

मित्रं व्यसन सम्प्राप्तं स्वस्थानं परपीडितम् ।
धन्यास्ते ये न पश्यन्ति देशमंगं कुलक्षयम् ॥ ७९ ॥

અને આગળની કથા પણ મિત્ર માટેની લાગણીની વાત કરે છે. મૈત્રીના મૂલ્યને દર્શાવતાં તેમાં કહેવાયું છે કે, જે વ્યક્તિ પોતાના મિત્રને આપત્તિમાં નિષ્ઠુરતાપૂર્વક છોડી દે છે, તે કૃતઘ્ન ચોક્કસ જ નરકને પામે છે.

यस्त्यक्त्वा सापदं मित्रं याति निष्ठुरतां सुहृत् ।
कृतघ्नस्तेन पापेन नरके यात्यसंशयम् ॥ ८८ ॥

'રાક્ષસ, ચોર અને વાંદરો' કથામાં રાક્ષસ અને વાંદરો બન્ને પૂરતું વિચારતા કે સમજતા નથી અને નિર્ણય લે છે, જ્યારે ચોર એ બન્નેથી ઓછો બળવાન હોવા છતાં તેમનાથી બચવામાં સફળ રહે છે.'રાક્ષસ અને બ્રાહ્મણ'ની કથામાં બ્રાહ્મણ રાક્ષસનું કહ્યું કરતાં કરતાં જ તેનાથી બચવાનો ઉપાય વિચારે છે અને પોતાનો જીવ બચાવી શકે છે.

આગળની કથામાં પરીક્ષણનાં મહત્ત્વને આ રીતે દર્શાવવામાં આવ્યું છે, જે સતત પ્રશ્ન કરતો રહે છે, અન્ય પાસેથી સાંભળતો રહે છે, રાત્રિ-દિવસ સમજતો રહે છે, તેની પ્રજ્ઞા સૂર્યનાં કિરણોથી વૃદ્ધિ પામતી નલિનીની માફક સતત વૃદ્ધિ પામે છે;

यः सततं परिपृच्छति शृणोति सन्धारयत्यनिशम् ।
तस्य दिवाकरकिरणैर्नलिनीव विवर्द्धते बुद्धिः ॥ ९३ ॥

'બે ચાંચવાળું ભારંડ પક્ષી' કથામાં બન્ને મુખ એક-બીજાનો દ્વેષ કરે છે. એક મુખ બીજાને હાનિ પહોંચાડવાના હેતુથી પ્રાપ્ત થયેલું વિષફળ આરોગે છે. એ વિચારતું ય નથી અને બીજા મુખ દ્વારા અપાતી સલાહ માનતું પણ નથી કે બન્નેનું શરીર એક જ છે તો હાનિ બન્નેને પણ પહોંચશે. અને વિષફળ ખાતાં પોતાનો પણ નાશ વહોરી લે છે.

સહઅસ્તિત્વનો ખ્યાલ  અહીં સુંદર રીતે રજૂ થયો છે: એકલાં ભોજન લેવું નહીં, એકલાં સૂઈને ઊઠવું નહીં, એકલાં માર્ગે જવું નહીં અને એકલાં અર્થોપાર્જન કરવું જોઈએ નહીં;

एकः स्वादु न भुञ्जीत नैकः सुप्तेषु जागृयात् ।
एको न गच्छेदध्वानं नैकश्चार्थान् प्रचिन्तयेत् ॥ १०३ ॥

અંતિમ  બ્રહ્મદત્ત બ્રાહ્મણની કથામાં એકલાં કોઈ કાર્ય કરવાનાં ભયસ્થાનો દર્શાવી,  કોઈને સાથે રાખવાં જોઇએ એમ કહેવામાં આવ્યું છે. વળી, તમારા મનોભાવ કાર્યસિદ્ધિ માટે બહુ મહત્ત્વનાંછે એમ દર્શાવવામાં આવ્યું છે. કહ્યું છે કે, મંત્ર, તીર્થ, દ્વિજ, દેવ, ગુરૂ, વૈદ્ય, આ દરેકમાં જેની જેવી ભાવના હોય તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

मन्त्रे तीर्थे द्विजे देवे देवज्ञे भेषजे गुरौ ।
यादृशी भावना यस्य सिद्धिर्भवत्ति तादृशी ॥ १०६ ॥

આમ, આ વાર્તાઓ પોતાના મુખ્ય કથિતવ્ય 'વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય'ને સુપેરે અભિવ્યક્ત કરે છે. દરેક પરિસ્થિતિમાં યોગ્ય રીતે વિચારી નિર્ણય લેવો જોઈએ, શક્ય હોય ત્યાં સુધી અનુમાનના સ્થાને પ્રત્યક્ષ પ્રમાણને પ્રાધાન્ય આપવું જોઈએનો બોધ આપણા સુધી સ્પષ્ટ રીતે પહોંચાડે છે.

આ ઉપરાંત, વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો, લોભ અને તૃષ્ણાનો ત્યાગ કરવો, સંતોષ રાખવો, કાર્ય કરતાં પહેલાં પરિસ્થિતિ અને પૂર્વાપર ઘટનાઓ વિશે વિચારણા કરવી, જ્ઞાન મહાન છે પણ બુદ્ધિના ઉપયોગ વિના એનો પ્રયોગ હાનિકર્તા છે એ સમજવું, પોતાની શક્તિઓ પર અભિમાન ન રાખી પરિસ્થિતિને ઓળખવી અને નિર્ણય લેવા, સમય અને સંજોગો અનુસાર વર્તન કરવું, કોઈના કહેવા માત્રથી વિચાર્યા વિના દોરવાઈ ન જવું, ક્રોધ ન કરવો, વિચાર અને આચાર સરખા રાખવા, બુદ્ધિ બળ કરતાં ચડિયાતી છે એ સમજવું, જેવાં અનેક મૂલ્યો આ વાર્તાઓ દ્વારા આપણા સુધી પહોંચાડવામાં આવ્યાં છે.

બાલ્યાવસ્થામાં આ સારગર્ભિત વાર્તાઓ બાળકને સંભળાવવામાં આવે કે એનું ફિલ્માંકન કે નાટ્યારૂપાંતર કરી તેમને દર્શાવવામાં આવે તો બાળકો એના કથાપ્રવાહની સાથે સાથે કથિતવ્યને સમજી શકશે અને પછી જો તેમની સાથે એક એક વાર્તાની રજૂઆત પછી, તમે શું સમજ્યા? તમને આ વાર્તામાં શું ગમ્યું? કે અન્ય વિવિધ રીતે તેમના અભિપ્રાય લેવામાં આવે તો આ કથાના જીવનમૂલ્યો સુધી તેઓ પહોંચી શકશે અને બાળપણમાં થયેલું આ મૂલ્યશિક્ષણ એમના પૂરા જીવન પર હકારાત્મક અસર છોડશે.

***

**સંદર્ભ ગ્રંથ:**


1. Caffin, Charles H., Art For Life's sake, The Prang Company, New York, 1913
2. Hudson, W. Henry. An Introduction to the Study of Literature. New Delhi, [Rep] 1983
3. Ryder, Arther W., The Panchatantra of Vishnu Sharma, The University of Chicago Press, Chicago, Third impression, Dec. 1925
4. Titus, Harold H and Keeton, Morris T. Comp. The Ranges of Ethics, containing excerpts from Plato "The Vision of the Good" New Delhi, Affiliated East West, 1966
5. Misra, Pandit Jwala Prasad, Panch Tantra, Printed and Published by Khemraj Shri Krishnadas Shri Venkateshwar Steam Press, Bombay. 1910
6. शुक्ल, विद्याधर, चरकसंहिता , चौखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली,2015
7. *ઠાકોર,* ડો. *અજિત, નાટ્યશાસ્ત્ર* (અભિનવભારતી સહિત), ભાગ – ૧, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ – ૨૦૦૧. ૧૭.
8. ડો. દવે, સુરેશ જ., પંચતંત્રમ્, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 2007-08
9. ડો. મારફતિયા, મૃદુલા, તૈત્તિરીય ઉપનિષદ- ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 2010
10. https://www.yourmorals.org/schwartz.2006.basic%20human%20values.pdf
11. http://home.ubalt.edu/ntygfit/ai_02_building_athens/ai_02c/plato_cave.htm


***